સેવા.... સહકાર.... સંગઠન....

ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા પ્રકાશિત

# ચરોતર વાલમ સંદેશ

ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ
સ્થાપના ૧૯૭૮

યુવા જાગૃતિ વર્ષ-૨૦૧૭

વર્ષ ૧૫ ઓક્ટોબર-૨૦૧૭







## નૂતન વર્ષાભિનંદન

આ અંકના પ્રાયોજક

**સ્વ. કોકીલાબેન ભાસ્કરભાઈ પુરોહિત**
**સ્મરણાર્થે**
**શ્રી ભાસ્કરભાઈ જે. પુરોહિત પરિવાર (મુંબઈ)**

## વ્યક્તિ વિશેષ સમ્માન – આપ પણ હોઈ શકો !

આપણા આ નાના સરખા વાલમ સમાજમાં ખૂણે ખૂણે પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા અનેક બાળકો, યુવાનો પોતપોતાના વિવિધ ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. વ્યક્તિગત સિધ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. આવી પ્રતિભા સંપન્ન, શક્તિશાળી યુવા પેઢીનો સમાજમાં ઓળખ થાય તે જ્ઞાતિના વિકાસ અને સંગઠન માટે અત્યંત જરૂરી છે.

પ્રતિભાશાળી બાળકો-યુવાનોનો પરિચય જ્ઞાતિજનોને મળી રહે. સમાજમાં નવી પેઢીની પરસ્પર ઓળખામણ, આત્મીયતા થકી યુવક મંડળની દ્વીતીય હરોળ ઉભી કરવાના યુવક મંડળના પ્રયાસને વધુ વેગ મળશે. તે માટે જ્ઞાતિના વડીલો પોતાના સંતાનોની વિશિષ્ટતા રજુ કરે તે સમાજ ઉત્કર્ષ માટે અત્યંત મહત્વનું છે જ. ચાલુ વર્ષે પણ અગાઉથી શરૂ કરેલ પ્રણાલિકા અનુસાર **સ્નેહ મિલન સમારંભમાં સમાજના તેજસ્વી તારલા, વ્યક્તિ વિશેષ જ્ઞાતિજનોનું વિશિષ્ટ સમ્માન કાર્યક્રમ** અંતર્ગત નીચેની વિગત જરૂરથી મોકલી આપશો.

- ☞ મૂળ ચરોતર વિભાગના જે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં ડીપ્લોમા, અનુસ્નાતક કે એન્જિનિયરીંગની ડીગ્રી પ્રાપ્ત કરી હોય.
- ☞ કોઈપણ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં વિશેષ યોગ્યતા મેળવેલ હોય.
- ☞ છેલ્લા એક વર્ષમાં અર્થાત તા. ૩૧-૧૦-૨૦૧૬ થી તા. ૧૯-૧૦-૨૦૧૭ સુધીમાં કોઈપણ ક્ષેત્રમાં (અભ્યાસ, નોકરી, વ્યવસાય, સામાજીક ક્ષેત્ર વિગેરે) વિશેષ નોંધપાત્ર - ગૌરવવંતી સિધ્ધિ પ્રાપ્ત કરેલ હોય.
- ☞ છેલ્લા એક વર્ષમાં નોકરી-વ્યવસાય ક્ષેત્રે બઢતી મળેલ હોય - સેવા નિવૃત્ત થયા હોય.
- ☞ છેલ્લા વર્ષમાં ૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય.
- ☞ વાલમ બ્રાહ્મણ સમાજ સિવાય અન્ય સામાજીક સંસ્થા કે અન્ય ક્ષેત્રમાં નોંધપાત્ર દેખાવ-સિધ્ધિ બદલ બહુમાન થયેલ હોય કે પુરસ્કાર પ્રાપ્ત થયેલ હોય.

તદ્ઉપરાંત તા. ૩૧-૧૧-૨૦૧૬ થી તા. ૧૯-૧૦-૨૦૧૭ સુધીમાં લગ્ન થયેલ વાલમ યુગલની માહિતી તથા સંવત ૨૦૭૩ ના વર્ષમાં જન્મ થયેલ બાળકની વિગતે માહિતી યુવક મંડળને મોકલી આપશો. તો સ્નેહ મિલન સમારંભમાં જેની યોગ્ય નોંધ લઈ શકાય.

ઉપરોક્ત માહિતી તા. ૨૩-૧૦-૧૭ સુધી (લેખિત/ઈ-મેઈલ/એસ.એમ.એસ. દ્વારા) સંપાદકશ્રીને મોકલી આપશો. જેથી 'વાલમ-ડે'ના કાર્યક્રમમાં સમાવેશ કરી શકાય.

## અમે આભારી છીએ આપ સૌના

| પા.નં. | રકમ | દાતાશ્રીનું નામ |
|---|---|---|
| ૪૩૦ | ૧૦૧ | શ્રીમતિ મંજુલાબેન રજનીકાન્ત જોષી, દેવા-નડિયાદ (ચિ. મિનલ, B.Sc.માં ૮૩.૩% ની સફળતા બદલ) |
| ૪૩૧ | ૧૦૧ | શ્રી નિલેશચંદ્ર જયંતિલાલ શુક્લ-નડિયાદ (ચિ. મૌલિન, BE.Com. માં ૯.૩૧ SPI સફળતા બદલ) |
| ૪૩૨ | ૧૫૧ | શ્રી કીરીટભાઈ સી.ઉપાધ્યાય-માજી મંત્રી મહામંડળ,અમદાવાદ (વાલમ સંદેશ શુભેચ્છા ભેટ) |
| ૪૩૩ | ૧૦૧ | શ્રીમતી સંધ્યાબેન સંદીપકુમાર જોષી-નડિયાદ (ચિ.ધ્રુવીલ Guj.Quiz-2017 માં ઝોનલ લેવલે Top 5 માં આવવા બદલ) |

સંપત્તિ ના હોય તો 'WILL' ના બને અને સંસ્કાર ના હોય તો GOOD WILL ના બને.



## સંપાદકશ્રીની કલમે....



## મંડળ પ્રવૃત્તિ ગઈકાલ, આજ અને આવતીકાલ

સ્નેહી સ્વજન શ્રી,

આપણે સૌ પરસ્પર લાગણીઓના સંબંધથી જોડાયેલા રહી સમાજના વિકાસમાં હરહંમેશ સાથે રહીએ તેવી નવા વર્ષની શુભ કામના.

એક વિહંગાવલોકન વિતેલા વર્ષોની પ્રવૃત્તિ ઉપર ૧૯૭૮ માં વાલમવાડી વસોમાં યુવકમંડળની સ્થાપના, પીકનીક-પ્રવાસ, ચોપડા વિતરણ, વિદ્યાર્થી સંમેલન, ગરબા આયોજન, વક્તૃત્ત્વ-નિબંધ સ્પર્ધા, દેશભક્તિ ગીત જેવી વિવિધ સ્પર્ધા, જીવનસાથી પસંદગી સંમેલન, ચરોતર ઉત્સવ, વડીલ વંદના, નિયમિત સમયાંતરે સમુહ યજ્ઞોપવિત, વાલમ-ડેનું વિવિધ ગામમાં વિશિષ્ટ આયોજનની યુવક મંડળની યશકલગી છે. કાર્યક્રમની આયોજનમાં ચર્ચા-વિચારણા મીટીંગનો દોર, દાતાઓની મુલાકાત , કાર્યકર્તાઓની દોડા-દોડી, સ્થળ ઉપર યુવક-યુવતીઓનો થનગનાટ હવે, ભવ્ય ભૂતકાળનો ભાગ બની ગયુ અને આજે....

ઘણા પ્રયત્નો છતાં યુવાવર્ગને એકત્રિત કરી સંગઠન થકી થતી સામાજીક પ્રવૃત્તિ ધીમે ધીમે મૃતપ્રાય થતી અનુભવી રહ્યા છીએ. મંડળ પ્રવૃત્તિ અત્યારે નાજુક તબક્કામાંથી પસાર થઈ રહી છે... પરિવર્તન... પરિવર્તનનો દોર હવે સ્વીકારવો જ પડશે. **‘No line, Be online’** ના જમાનામાં આજની પેઢીની સરખામણી અગાઉની પ્રવૃત્તિ સાથે ન કરતા ટેકનોલોજીના માધ્યમને અપનાવી તેઓને પ્રવૃત્તિમાં સામેલ કરવા છે જ. સામાજીક પ્રવૃત્તિ માટે હવે રૂબરૂ ભેગા થવાની કે દોડાદોડી કે સંમેલન આયોજનની જરૂર નથી સૌને અનુકૂળ થાય તે રીતે મોબાઈલ/ઈન્ટરનેટ દ્વારા પ્રવૃત્તિ કરીશુ. આપણે સૌ સાથે મળીને. **જરૂર છે એવા કાર્યકર્તાઓની કે જે ગ્રુપ એડમીનની વિશિષ્ટ જવાબદારી સ્વેચ્છાએ સંભાળી શકે.**

કેવી પ્રવૃત્તિ કરીશું ? કેવી રીતે ? ક્યારે ? કોના દ્વારા ? કેટલા સમયમાં ? શું ફાયદો થશે ? વિગેરે સવાલના જવાબ મળશે આપને ઘેર બેઠા આપના મોબાઈલમાં ! માત્ર જરૂર છે. સામાજીક સંગઠનમાં જોડાવવા માટે આપના હકારાત્મક સંદેશાની.

**મંડળ પ્રવૃત્તિની ગઈકાલ ભવ્ય હતી, આજની પ્રવૃત્તિ તમારી નજર સમક્ષ છે જ. અને આવતીકાલ.... એ તમારા સંદેશા/અભિગમ ઉપર આધારિત છે.**

સંપર્ક કરશો ને ! (Mo. 9428486752 ફક્ત વોટ્સઅપ કે SMS)

## વાલમ સંદેશ-વાલમ વર્તમાન-વાલમ સમાચાર તમારા મોબાઈલમાં

સ્માર્ટ ફોન ધરાવનાર જ્ઞાતિજનો પરસ્પર સંપર્કમાં રહી શકે તે માટે valamsamajgroup શરૂ કરવામાં આવેલ છે. હવે નવી ટેકનોલોજીના ઉપયોગથી આપણા સમાજના સમાચાર જો તમે ઈચ્છો તો તમારા મોબાઈલ ઉપર watsapp થી મોકલી આપવામાં આવશે. આપ બીન જરૂરી મેસેજ / વિડીયો / ફોટો / જાહેરાત ના ઈચ્છતા હો તો અને માત્ર વાલમ સમાજ સંબંધિત માહિતી મેળવવા ઈચ્છતા હોવ તો / મોકલવા ઈચ્છતા હોય તો આપનું નામ, મોબાઈલ (watsapp) નંબર, આપની ઉંમર, આપની રૂચિ જેમ કે રમૂજ, ફિલોસોફી, સુવાક્ય, માત્ર જ્ઞાતિ સમાચાર વિગેરે જણાવશો તો આપના નંબરને જે તે વિભાગમાં વર્ગીકૃત કરી આપને જાણ કરવામાં આવશે. ભલે આપણે રૂબરૂ ન મળી શકીએ પણ નિયમિત મોબાઈલ દ્વારા વાલમ સમાજની ગતિવિધી સાથે સંપર્કમાં તો રહીશુંજ.

**- સંદીપ જોષી**

સુવિચારોની અસર એટલા માટે નથી દેખાતી કેમકે વાંચનાર અને લખનાર હવે (ફોરવર્ડ કરનાર) એમ માને છે કે તે બીજાને માટે લખેલા છે.

# જ્ઞાતિ સમાચાર



**યજ્ઞોપવિત સંસ્કાર :** અ.સૌ. અર્ચનાબેન તથા શ્રી મનોજકુમાર જયકૃષ્ણ શુક્લ (કેનેડા-અમદાવાદ) ના સુપુત્રો ચિ. જયશીલ અને ચિ. મહર્ષિને તા. ૩૦-૭-૧૭ ના રોજ ગુરુકુલ છાટોડી ખાતે પવિત્ર વાતાવરણમાં યજ્ઞોપવિત આપવામાં આવેલ છે.



**લગ્ન સમાચાર :**

**કેનેડા :** શ્રીમતી મીતાબેન તથા શ્રી કીર્તીકુમાર રમેશચંદ્ર પંડ્યાના સુપુત્ર ચિ. હસીનના શુભ લગ્ન USA (શિકાગો) મુકામે ચિ. નિશા સાથે થયેલ છે.

**નડિયાદ (મૂળ વતન લીંગડા) :** શ્રીમતી જયશ્રીબેન તથા શ્રી બિમલભાઈ ગોરની સુપુત્રી ચિ. ગોપીના શુભ લગ્ન કાસોર નિવાસી (હાલ નડિયાદ) ગં.સ્વ. હંસાબેન તથા સ્વ. લક્ષ્મીકાંત ભાનુપ્રસાદ જોષીના સુપુત્ર ચિ. કુશલ સાથે તા. ૯-૫-૨૦૧૭ ના રોજ થયેલ છે.

**સંજાયા :** શ્રીમતી પ્રજ્ઞાબેન તથા શ્રી જીતેન્દ્રકુમાર હરિકૃષ્ણ પુરોહિતની સુપુત્રી ચિ. નિરાલીના શુભ લગ્ન સંજાયા નિવાસી પ્રવિણભાઈ આશાભાઈ પટેલ ના સુપુત્ર ચિ. વિરલ સાથે તા. ૧૫-૭-૨૦૧૭ ના રોજ થયેલ છે.

**U.K. (મૂળ વતન નડિયાદ) :** શ્રીમતિ દર્શનાબેન તથા શ્રી નૈલેશભાઈ નવિનચંદ્ર વ્યાસ ના સુપુત્ર ચિ. જીમીતના શુભ લગ્ન ચિ. બ્રિન્દા સાથે થયેલ છે.

**U.K. (મૂળ વતન લીંબાસી) :** શ્રીમતિ પ્રતિક્ષાબેન તથા શ્રી દક્ષેશભાઈ ઠાકોરલાલ મહેતાના સુપુત્ર ચિ. સચિનના શુભ લગ્ન ચિ. જૂહી સાથે ૨-૭-૨૦૧૭ ના રોજ થયેલ છે.

**સગાઈ/વેવિશાળ :**

**ઉત્તરસંડા :** શ્રીમતી તરલિકાબેન તથા સ્વ. શ્રી રજતભાઈ ગોરની સુપુત્રી ચિ. દિશાનું વેવિશાળ નડિયાદ વસતા શ્રીમતી રાગીણીબેન તથા શ્રી જીતેન્દ્રકુમાર દવેના સુપુત્ર ચિ. ધવલ સાથે થયેલ છે.

**સચિન (સુરત) મૂળ વતન દેવા :** શ્રીમતી અસ્મિતાબેન તથા શ્રી તિમિરકુમાર રજનીકાન્ત જોષીની સુપુત્રી ચિ. રોશની (B.E.Arch) નું વેવિશાળ વ્યારા હાલ સુરત નિવાસી શ્રીમતિ રક્ષાબેન તથા શ્રી અરવિંદભાઈ પંડ્યાના સુપુત્ર લખનકુમાર સાથે થયેલ છે.

**નડિયાદ (મૂળ વતન લીંગડા) :** શ્રીમતી જયશ્રીબેન તથા શ્રી બિમલભાઈ જગદીશભાઈ ગોરના સુપુત્ર ચિ. હેતવનું વેવિશાળ હાલ ઉત્તરસંડા નિવાસી શ્રીમતી ઈલાબેન તથા શ્રી રક્ષેશભાઈ વ્યાસની સુપુત્રી ચિ. ચાંદની સાથે થયેલ છે.

**સોજીત્રા :** શ્રીમતિ કામિનીબેન તથા શ્રી વિપુલભાઈ વ્યાસની સુપુત્રી ચિ. જીજ્ઞાની સગાઈ મહામંડળના ભૂ.પૂ.પ્રમુખશ્રી ભાનુભાઈ દીક્ષીતના પૌત્ર તથા શ્રી દિપકભાઈ દીક્ષીત (હાલ ભરૂચ) ના સુપુત્ર ચિ. નિર્મિત સાથે થયેલ છે.

**પુનિત ભજન-સંકીર્તન :** સંત શ્રી પુનિત મહારાજની પુણ્યતિથિ (અષાઢ વદ અગિયારસ) નિમિત્તે તા. ૨૦-૭-૨૦૧૭ ના રોજ શ્રી મંદાબેન યદુકાન્ત શુક્લના નડિયાદના નિવાસસ્થાને પુનિત મહારાજશ્રીના ભજનો તથા રામધૂનનો કાર્યક્રમ રાખેલ. પુનિત પ્રેમી શ્રી મંદાબેન દ્વારા દર વર્ષે પુનિત મહારાજશ્રીની સ્મૃતિ વંદના માટે વંદન સહ અભિનંદન.

વિદેશના જ્ઞાતિ સમાચાર તથા વિવિધ કાર્યક્રમની માહિતી વિગતે માહિતી માટે www.valam.co.u.k. ની મુલાકાત લેવા વિનંતી.



**ગૃહ પ્રવેશ :** શ્રીમતી પૃથા તથા શ્રી વિશાલ જયપ્રકાશભાઈ શુક્લ દ્વારા નવા મકાનમાં તા. ૧૪-૭-૨૦૧૭ ના રોજ વિધિપૂર્વક પૂજનવિધિ સાથે વાસ્તુપૂજન કરવામાં આવ્યું.

**ગૃહ પ્રવેશ :** શ્રીમતિ અવનીબેન તથા શ્રી જીમીતકુમાર જનકભાઈ જોષી જે હાલ ઓસ્ટ્રેલિયા સ્થાયી થયા છે. તેઓએ તા. ૨૬-૮-૨૦૧૭ ના રોજ વિધિપૂર્વક વાસ્તુપૂજા સાથે તેઓના પોતાના નવા ઘરમાં ગૃહપ્રવેશ કરેલ છે.



**અવસાન નોંધ :**

**U.K. :** શ્રીમતિ સોહાગબેન વિનયકુમાર મહેતાનું તા. ૧૭-૬-૨૦૧૭ ના રોજ અવસાન થયેલ છે. (સ્વર્ગસ્થ તરફથી ચરોતર વિભાગની સરનામા/ટેલીફોન ડિરેક્ટરી 'સંપર્ક-૩' માટે અનુદાન મળેલ જેના થકી ચરોતર વિભાગના દરેક કુટુંબને તથા પરદેશમાં વિનામૂલ્યે 'સંપર્ક-૩' નું વિતરણ કરવામાં આવ્યુ હતું.)

**USA :** શ્રી હિમાંશુભાઈ ઘનશ્યામભાઈ શુક્લનું તા.૩૧-૫-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે.

**અમદાવાદ :** શ્રી હરીશચંદ્ર રેવાશંકર ગોરનું તા. ૯-૭-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે.

**અમદાવાદ :** શ્રી અંકિત જીતેન્દ્રભાઈ પુરોહિતનું તા.૧૭-૮-૧૭ના રોજ યુવા વયે અવસાન થયેલ છે.

**દેવા :** ગં.સ્વ. રંજનબેન રોહિતભાઈ પુરોહિતનું તા. ૭-૯-૨૦૧૭ ના રોજ અવસાન થયેલ છે.

**USA :** શ્રીમતિ જયશ્રીબેન જગદીશભાઈ ઉપાધ્યાયનું તા.૯-૯-૧૭ના રોજ અવસાન થયેલ છે.

**આફ્રિકા :** શ્રી સૂર્યકાન્ત ભોગીલાલ વ્યાસ (મૂળ વતન વસો)નું આફ્રિકા મુકામે અવસાન થયેલ છે.

**મુંબઈ :** શ્રીમતિ કોકીલાબેન ભાસ્કરભાઈ પુરોહિતનું તા.૯-૯-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે.

## પરદેશમાં આપણી સંસ્કૃતિ-ગાયત્રી હવન અને હનુમાન ચાલીસાના પાઠ

**U.K. Valam Brahmin Association, London :** on 8th April 2017, UK Valam Brahmin Association, London celebrated two secred events together viz. GayatriHavan of Chaitri Navratri and 21 Hanuman Chalisa Path. Gayatri Havan started at 10.30 a.m. wherein shri Chiragbhai Purohit and Smt. Toralben Purohit were yajman, whereas shri Rameshbhai Gor performed Havan Puja. Thereafter 21 path of Hanuman Chalisa were sung in chorus by nearly 120 community members who have participated in the function with keen interest and enthusiasm.

President Shri Hasitbhai Purohit thanked everyone for their support and co-operation to association. Further he informed that a new webpage had been created for younger members to prompte youth voice within the community.

Our main guest, an active member from Mahamandal, shri Jayprakash Shukla was present for the fantastic event. He said that better coordination and cooperation between both samaj at India and at abroad is essential. He requested all to strengthen Punit Smarak Nidhi Fund on eve of 108th Birth Anniversary Celebration of shri Punit Maharaj, who is only the icon of our Valam Community.

Shri Hasit Purohit, President, Smt. Darshna Pandya, Secretary Smt. Vibhutiben Gor, Treasurer and all office beaven of association have put in their efforts for the sugess of the event findlly the ended with Mahaprasad enjoyed by all.

**નવુ સરનામું નોંધી લેશો :** શ્રી જયપ્રકાશભાઈ શુક્લ
એફ/૧૨૦૪, 'આકાંક્ષા' સેવી સ્વરાજ, જગતપુર, ગોતા, અમદાવાદ-૩૮૨૪૭૦

કેટલા મેસેજ ફોરવર્ડ કર્યા એના કરતા કેવા મેસેજ ફોરવર્ડ કર્યા તે મહત્ત્વનું છે.

# અભિનંદનના અધિકારી



**મુંબઈ :** શ્રી લોકેશ સંજયભાઈ પુરોહિત : ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષા પાસ કરવી કઠિન છે. આપણી જ્ઞાતિમાં આંગળીના વેઢે ગણી શકાય તેવા સી.એ. છે. ત્યારે ચિ. લોકેશે સી.એ. ની પરીક્ષા ઉત્તિર્ણ થવાની સિદ્ધી પ્રાપ્ત કરી તે ચરોતર વિભાગ માટે ગૌરવ છે. વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા મંડળના ટ્રસ્ટી અને સમાજ પ્રત્યે વિશેષ લાગણી ધરાવનાર શ્રી ભાસ્કરભાઈ પુરોહિતના પૌત્ર ચિ. લોકેશને અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા.



**કરમસદ :** કુમારી કૃપા ભાવિનભાઈ પુરોહિત : અખિલ ભારતીય વિદ્યાર્થી પરીક્ષા દ્વારા રાષ્ટ્રીય કક્ષાની વિજ્ઞાન પરિષદ ચર્ચા વિઝન - ૨૦૧૭ માં અડાલજ મુકામે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રાજ્યોમાંથી ફાર્મસીના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈપ્કોવાળા ફાર્મસી કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા કુમારી કૃપા પુરોહિતે ઓરલ પ્રેઝન્ટેશનમાં પ્રથમ સ્થાન મેળવી નેશનલ ટ્રોફી મેળવી છે. અગાઉ પણ નિરમા યુનિવર્સિટી-અમદાવાદ ખાતે આંતર કોલેજ સ્પર્ધામાં પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાન મેળવેલ છે.



**કરમસદ :** કરમસદ નિવાસી ચિ. શિવમ ભાવિનભાઈ પુરોહિતે (ધો. ૧૧) માં તાજેતરમાં TCS કંપની દ્વારા આયોજીત IT Quize માં ગુજરાત રાજ્ય કક્ષાએ ૩૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓમાં ૩ જુ સ્થાન હાંસલ કરી ઈનામ પ્રાપ્ત કરેલ છે. ભાઈ શ્રી શિવમ તથા કુ. કૃપા પુરોહિતની (ભાઈ-બહેનની જોડી) પ્રગતિ માટે પ્રોત્સાહન આપનાર તેમના માતા-પિતાને પણ ખૂબ ખૂબ અભિનંદન.



**નડિયાદ (મૂળ વતન દેવા) :** ચિ. ધ્રુવિલ સંદીપકુમાર જોષી (ધો. ૮) તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં આયોજીત Gujarat Quiz - 2017 માં તેમની સ્કૂલની સ્પર્ધામાં પ્રથન નંબરે ત્યારબાદ નડિયાદ તાલુકાની સ્કૂલમાં Online Quize Top Five માં પણ પ્રથમ નંબર પ્રાપ્ત કરી વડોદરા મુકામે ઝોનલ કક્ષાએ પ્રથમ પાંચ સફળ વિદ્યાર્થીમાં સ્થાન પ્રાપ્ત કરી ગુજરાત સરકાર તરફથી ઈનામ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ છે. ચિ. ધ્રુવિલને તેના પ્રગતિમાં પીઠબળ પુરા પાડનાર તેમના માતા-પિતાને પણ અભિનંદન સહ ઉત્તરોઉત્તર પ્રગતિ માટે શુભેચ્છા.

મૂળ ચરોતર વિભાગના અન્ય જ્ઞાતિજનો/વિદ્યાર્થી મિત્રો વિશેષ કારકીર્દી ધરાવતા હોય તો તેઓની વિગત મોકલી આપશો તો તેઓની સિદ્ધીઓને બિરદાવતા આનંદ થશે.

વાલમ સમાજમાં વિનામૂલ્યે મોકલવામાં આવતા વાલમ સંદેશને આર્થિક રીતે સદ્ધર બનાવવા આપના કુટુંબમાં શુભાશુભ પ્રસંગે વાલમ સંદેશને યાદ કરી જરૂરથી મદદરૂપ થશો.

‘થાય એટલુ કામ કરીએ’ અને ‘કરીએ એટલુ કામ થાય’ આ બે વાક્યોનો તફાવત જેને સમજાય તેની પ્રગતિ થાય.

# આગામી કાર્યક્રમ

## સ્નેહમિલન સમારંભ – "વાલમ ડે"

**તા. ૨૯-૧૦-૨૦૧૭, રવિવાર**

લાભ પાંચમ પછીનો પ્રથમ રવિવાર એટલે "વાલમ-ડે" ચરોતર વિભાગના વાલમ જ્ઞાતિજનોને – સગા સંબંધીઓને રૂબરૂ મળવા જવાની, એક શહેરથી બીજા શહેર સુધી દોડા-દોડી, કિમતી સમય તથા નાણાંકીય બચત સહિત શારિરિક, માનસિક રાહત આપતા સમગ્ર ચરોતર વિભાગના વિશાળ મેળાવડા જેવા અવનવા કાર્યક્રમથી સભર, સૌના માનીતા "વાલમ-ડે" સ્નેહમિલન સમારંભ માટે સૌ જ્ઞાતિજનો આતુરતાથી રાહ જોતા હોય છે. ચાલુ વર્ષે ચરોતર વિભાગના "આપણા ઘર" જેવી વાલમ વાડી, વસો મુકામે સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

**સ્થળ : વાલમ વાડી, મુ. વસો.**
**તારીખ : ૨૯-૧૦-૨૦૧૭ ને રવિવાર**
**સમય : સવારે ૯-૩૦ થી ૧-૦૦**

માત્ર સ્નેહમિલન જ નહી પરંતુ સાથે સાથે દર વર્ષની પરંપરા મુજબ સ્કોલરશીપ-ઈનામ વિતરણ, યુવક મંડળની વિવિધ પ્રવૃત્તિ-કાર્યક્રમની માહિતી, વડીલોના આશિર્વાદ, જ્ઞાતિના વિશિષ્ટ પ્રતિભાવાન વ્યક્તિઓનો પરિચય-સન્માન (વિશેષ માહિતી માટે જુઓ પા.નં.૨ )અને ધડાકા સ્વરૂપે કંઈક નવું તો ખરૂ જ. યુવાનો-બાળકો તેમજ વડીલ જ્ઞાતિજનો માટે વિશેષ અલગ અલગ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે.

ચરોતર વિભાગના કૌટુંબિક મેળામાં સામેલ થવા ચરોતર વિભાગના સર્વે વાલમ બ્રાહ્મણ જ્ઞાતિજનોને જાહેર આમંત્રણ છે.

પ્રમુખ શ્રી – રાકેશ પુરોહિત | મંત્રીશ્રી – ચિરાગ જોષી

---

## શ્રી ચરોતર વાલમ બ્રાહ્મણ વિદ્યોત્તેજક મંડળ

ભાઈશ્રી/બહેનશ્રી,

દર વર્ષની જેમ આ વર્ષે પણ નૂતન વર્ષ નિમિત્તે "ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ" દ્વારા "સ્નેહમિલન સમારંભ" ''વાલમ-ડે'' તા. ૨૯-૧૦-૨૦૧૭, વાલમ વાડી, વસો – સમય ૧૦ કલાકે ના એજન્ડામાં સ્કોલરશીપ વિતરણ વિધિનો કાર્યક્રમ સામેલ કરેલ છે.

આપના પુત્ર-પુત્રીએ સ્કોલરશીપ માટે અરજી હોય તો તેમને માહિતી વંચાવજો જેથી સ્કોલરશીપ ઈનામો માટે જણાવ્યા પ્રમાણે સમયસર હાજરી આપવા આપના પુત્ર-પુત્રીને આપ આગ્રહ કરશો અને આપ પણ હાજર રહેશો તેવી વિનંતી છે. "વાલમ સંદેશ" ચરોતર વિભાગના દરેક કુટુંબમાં પહોંચાડવામાં આવે છે. તેથી સ્કોલરશીપ અંગે અલગ પત્રથી જાણ કરવામાં આવશે નહી.

પ્રમુખશ્રી – દિલીપ જોષી | મંત્રીશ્રી – નિલેશભાઈ શુક્લ

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા મંડળ

સેવા મંડળ તેની વિવિધ પ્રવૃત્તિઓ થકી ચરોતરના જ્ઞાતિજનોની સેવામાં હર હંમેશ અગ્રેસર રહ્યું છે. આજ પર્યંત કેટલાય જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને સેવાકીય પ્રવૃત્તિ થકી મેડીકલ સહાય અને સ્ત્રી સહાય ઉપરાંત અભ્યાસ માટે વિદ્યાર્થીઓને લોન/સ્કોલરશીપ હેઠળ આર્થિક સહાય પૂરી પાડેલ છે. જે પૈકી મેડીકલ અને સ્ત્રી સહાય મેળવનાર જ્ઞાતિજનોનાં નામ ગુપ્ત રાખવામાં આવે છે.

સેવા મંડળની સેવાકીય પ્રવૃત્તિઓની વિગત નીચે પ્રમાણે છે.

**મેડીકલ સહાય :** મેડીકલ સહાય માટેનું નિયત અરજી પત્રક સંપૂર્ણ રીતે ભરીને તેમાં જણાવેલ બિડાણ સહિત મોકલી આપનારને સેવા મંડળના ધારા ધોરણ પ્રમાણે મેડીકલ સહાય ગુપ્ત રાહે ચૂકવવામાં આવે છે.

**સ્ત્રી સહાય :** આ માટેનું નિયત અરજી પત્રક સંપૂર્ણ રીતે ભરીને તેમાં જણાવેલ બિડાણ સહિત મોકલી આપનાર જરૂરિયાતમંદ બેનોને સેવા મંડળના ધારા ધોરણ પ્રમાણે સ્ત્રી સહાયની રકમ વર્ષમાં એક વાર ગુપ્ત રીતે ચૂકવવામાં આવે છે.

**વિદ્યાર્થી લોન :** અભ્યાસ માટે વિદ્યાર્થીઓને સેવા મંડળના ધારા ધોરણ મુજબ લોન આપવામાં આવે છે. આ માટે નિયત અરજી પત્રક સંપૂર્ણ ભરી તેમાં જણાવેલ બિડાણ સહિત મોકલવું જરૂરી છે.

**વિદ્યાર્થી સહાય :** ચાલુ વર્ષથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ ફંડની માત્રામાં સેવા મંડળના ધારા ધોરણ પ્રમાણે આર્થિક સહાય આપવાનું નક્કી કરેલ છે. આ માટે નિયત અરજીપત્રક સંપૂર્ણ ભરી જણાવેલ બિડાણ સહીત મોકલવાનું રહેશે.

**સ્વ. સુશીલાબેન અરવિંદભાઈ વ્યાસ સ્મૃતિ સ્કોલરશીપ :**

રૂા. ૧,૨૫૦૦૦/- ના ટ્રસ્ટનું વ્યાજ દર વર્ષે ઉચ્ચ અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીને આર્થિક સ્થિતિ તથા અભ્યાસની મેરીટના આધારે આપવામાં આવશે. વિદ્યાર્થીનીના અવેજમાં વિદ્યાર્થીને અપાશે. આ માટેની અરજી સેવામંત્રીને મોકલવાની રહેશે.

**જશવંત-જ્યોતિ સંગીત કળા ટ્રસ્ટ પુરસ્કાર :**

સંગીત કળા અર્થાત્ ગાયન-વાદન-નૃત્યના ક્ષેત્રમાં અભ્યાસ કરતા યુવક/યુવતીઓને ટ્રસ્ટ પુરસ્કારની રકમ દર વર્ષે વહેંચવામાં આવશે. આ માટે જરૂરી બિડાણ સહિતની અરજી મોકલવાની રહેશે.

અરજીપત્રકનું નિયત ફોર્મ મંગાવવા તથા મોકલવા પ્રમુખ/મંત્રી/સેવામંત્રીનો સંપર્ક કરવા વિનંતી.


| પ્રમુખ | મંત્રી | સેવા મંત્રી |
|---|---|---|
| **સંજયભાઈ પી. ભટ્ટ** | **કિરણભાઈ એ. જોષી** | **સંદિપકુમાર આર. જોષી** |
| એ-૧૩૨, ભાગ્યલક્ષ્મી સોસાયટી, પાવન ધામ સામે, સમતા રોડ, સુભાનપુરા, વડોદરા - ૩૯૦ ૦૨૩. | ૯-બી, તુલજાનગર નં. ૨, મકરપુરા ડેપો પાછળ, વડોદરા - ૩૯૦૦૧૦. | એ-૨૯, ત્રિશૂલ સોસાયટી, રામદેવપીર મંદિર સામે, પીજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૨. |
| મો. ૯૯૯૮૦ ૦૮૬૧૮ | ફોન : ૦૨૬૫-૬૫૯૮૫૯૫<br>મો. ૯૮૯૮૮ ૩૪૨૩૩ | મો. ૯૪૨૮૪૮૬૭૫૨<br>(Only SMS/Whatsapp) |


☞ હાલમાં તબીબી સારવાર દીન-પ્રતિદિન મોંઘી થઈ રહી છે ત્યારે સમાજમાં આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને ગંભીર બિમારી (દવાખાનામાં દાખલ થયા હોય) તે સમયે યથાયોગ્ય મદદરૂપ થઈ શકાય (રાહત મળી શકે) તે માટે વિશિષ્ટ આયોજન વિચારણા હેઠળ છે. જે કુટુંબની વાર્ષિક આવક રૂા. ૬૦,૦૦૦/- થી ઓછી હોઈ તેઓએ વ્યક્તિગત રીતે સંપર્ક કરવા/જાણ કરવા વિનંતી.

## શ્રી વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા મંડળ

**''વાલમ હોલ'' નવદુર્ગા સો મીલ પાછળ, મહાલક્ષ્મી સોસાયટી સામે, હરણી, વડોદરા.**



વડોદરા મુકામે આવેલ આપણી જ્ઞાતિનો વાલમ હોલમાં તાજેતરમાં કલરકામ તથા રીનોવેશન થકી વિશેષ સુવિધાજનક અને આકર્ષક બનાવેલ છે. એટલુંજ નહિ પણ નવા જમાનાને અનુરૂપ સી.સી.ટી.વી. કેમેરા તથા હોલના સુચારૂ સંચાલન અને વ્યવસ્થા માટે કાયમી ધોરણે મેનેજરશ્રીની નિમણૂંક કરી હોલની આવક વધારવાના પ્રસંશનિય પ્રયત્ન કરવામાં આવ્યા છે. આપસૌ જાણો છો કે હોલની આવકથી આપણા સમાજને વિવિધ પ્રવૃત્તિ/સેવાકીય સહાયનો વધુ લાભ મળે છે અને મળતો રહેશે. આપણી જ્ઞાતિની આગવી ઓળખસમા વાલમ હોલ અન્ય સંસ્થા/વાડી/પાર્ટી પ્લોટ કરતા વિશેષ રાહત દરથી ઉપલબ્ધ છે. આપણા વાલમ હોલનો વધુને વધુ પ્રચાર થાય તે પ્રમાણે જ્ઞાતિજનોને સહકાર આપવા નમ્ર વિનંતી.

### વાલમ હોલ બુકીંગ માહિતી

| ક્રમ | વિગત | વાલમ બ્રાહ્મણ જ્ઞાતિજનો માટે | અન્ય વ્યક્તિ માટે |
|---|---|---|---|
| ૧ | બુકીંગ ડીપોઝીટ | રૂ. ૫૦૦૦/- | રૂ. ૨૦,૦૦૦/- |
| ૨ | ભાડુ | રૂ. ૧૦,૦૦૦/- | રૂ. ૪૦,૦૦૦/- |
| ૩ | લાઈટ બીલ (યુનિટ દીઠ) | રૂ. ૨૦/- | રૂ. ૨૦/- |
| ૪ | એક રૂમનું ભાડું (પુનીતધામ) | રૂ. ૨૦૦/- | રૂ. ૪૦૦/- |
| ૫ | સફાઈ ચાર્જ/સીક્યુરીટી ચાર્જ વિ. | રૂ. ૨૦૦૦/- | રૂ. ૨૦૦૦/- |
| ૬ | રસોઈના વાસણ, ખુરશી, ડીસ, બુફે ટેબલ, વિ. ૧૦૦૦, વ્યક્તિ માટે | ફ્રી | ફ્રી |

**ખાસ નોંધ : ટુંક સમયમાં આપણા હોલની જાહેરાત / માહિતી / નોંધણી વેબસાઈટ દ્વારા પણ ઉપલબ્ધ થશે.**

પ્રમુખ : સંજયભાઈ ભટ્ટ (મો) ૯૯૯૮૦૦૮૬૧૮

સંકુલ મંત્રી : મિહીરભાઈ પંડ્યા (મો) ૯૮૯૮૦૦૨૯૮૭

## ''સંપર્ક - ૪'' ટેલિફોન/સરનામા ડિરેક્ટરી - ચરોતરની આગવી ઓળખ



વાલમ જ્ઞાતિજનોને રોજબરોજ દૈનિક જીવનમાં અત્યંત મદદરૂપ થતી ચરોતર વિભાગમાં વસતા સૌ વાલમ બ્રાહ્મણ (વાલમ સૌ એક) ની માહિતી, સરનામા-ટેલિફોન નંબર તથા મોબાઈલ નંબરની વ્યવસ્થિત ગોઠવણી, વસો વાલમ વાડી, વડોદરા જ્ઞાતિ સેવા મંડળ સાંસ્કૃતિક સંકુલ, રેલ્વે સમય પત્રક, ૧૧ વર્ષનું કેલેન્ડર) સંપર્ક પુસ્તિકામાં દરેક આવૃત્તિ વધુને વધુ ઉપયોગલક્ષી બને તે પ્રમાણે માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આગામી 'સંપર્ક-૪' ની આવૃત્તિમાં વાલમ સમાજના ધંધા-રોજગાર તથા જ્ઞાતિજનોને પરસ્પર લાભ થઈ શકે તે માટે વ્યવસાયિક માહિતીનો પણ સમાવેશ કરવામાં આવશે (વેબસાઈટ ઉપર E Copy પણ જોવા મળી શકશે)તો આપણા ધંધા-વ્યવસાયની વિગતે માહિતી જણાવશો તો સમાજને વિવિધ ક્ષેત્રે ઉપયોગી થવા માટે આપના તરફથી આ અંગે જરૂરી માર્ગદર્શન સૂચન મોકલી આપશો.

**ખાસ નોંધ : UK** સ્થિત શ્રીમતિ સોહાગબેન તથા શ્રી વિનયકુમાર મહેતાના સહયોગથી ''સંપર્ક-૩'' ચરોતર વિભાગના દરેક વાલમ કુટુંબને વિનામૂલ્યે અર્પણ કરવામાં આવી હતી. ''સંપર્ક-૪'' માટે પણ ઉદારદીલ દાતાઓની અપેક્ષા છેજ. જાણ કરશો રૂબરૂ સંપર્ક કરીશું. - સંપાદકશ્રી

જામી ગયેલા સંબંધો ઉપર, બાઝી ગયેલ સમયની સમયસરની ધૂળને હળવેઠથી ફૂક મારી સમયસર ઉડાવવી તેનું નામ 'વેલ ઈન ટાઈમ ડે' !!!

# શ્રી ચરોતર વાલમ બ્રાહ્મણ વિદ્યોત્તેજક મંડળ

## Income and Expenditure Account for the year ended on 31/03/2017

| Expenditure | Rs. | Income | Rs. |
|---|---|---|---|
| To Expenditure in respect of property : | | By Rent : [Accrued/Realised] | |
| Other expenses | | | |
| To Establishment | | | |
| To Remuneration to trustee. | | By Interest : | |
| To Remuneration | | [Accured/Realised] | |
| (in the case of math) | | Interest on FDR | 1,48,486.00 |
| To the head of the math, | | Interest on Saving | 1,731.00 |
| including his house-hold | | | |
| expenditure, if any | | | |
| To Legal Expense | 1,500.00 | | |
| To Audit fee | 1,380.00 | | |
| To Contribution and fee | 1,042.00 | | |
| To Amount written off : | | | |
| | | By Donation | 2,05,051.00 |
| To Miscellaneous Exp. | | Donation For Scholarship | 25,000.00 |
| Bank Charges | 115.00 | | |
| | | By other Earmark Funds Donation | |
| To Depreciation | | | |
| | | By Grant : | |
| To Amount tr. to reserve or specific fund | | | |
| To Expenditure on object of the Trust : | | By Income from other sources : | |
| [a] Religious | | | |
| [b] Educational | | | |
| [c] Medical | | | |
| [d] Relief to proverty | | | |
| [e] Other Charitable objects | | By Transfer from reserve | |
| Scholarship exp | 38,655.00 | | |
| To surplus carried over to B/s. | 3,37,576.50 | By Deficit carried over to B/s. | |
| | **3,80,268.00** | | **3,80,268.00** |

ભૂલો તો બંને તરફ હતી... ફર્ક એટલો જ હતો.. એમણે 'ગણી'... અમે 'અવગણી'... ।

# શ્રી ચરોતર વાલમ બ્રાહ્મણ વિદ્યોત્તેજક મંડળ

## Balance Sheet as at 31/03/2017

| Funds & Liabilities | Rs. | Property & Assets | Rs. |
|---|---|---|---|
| Trust Fund / Other Earmark | | Immovable properties : | |
| Funds : | | Balance as per last B/S | |
| Schedule 1 | 1,139,277.07 | | |
| | | Investments : | |
| Loan : | | Schedule 2 | 16,52,053.00 |
| (Secured or Unsecured) | | | |
| | | Furniture & Fixture : | 138.00 |
| From Trustees : | | Balance as per lase B/S | |
| From Others : | | | |
| | | Loan & Advance | |
| Liabilities : | | Schedule 3 | 1,040.00 |
| Nilesh Shukla Last Bal | 1,899.00 | | |
| T.D.S. | 311.00 | | |
| Income & Expenditure A/c. | | Cash & Bank Balance : | |
| Balance as per | | Schedule 4 | 97,213.50 |
| last B/s 3,12,732.43 | | | |
| Less:opening | | | |
| Bal Diff 41,351.00 | | | |
| Add: During | | | |
| the year 3,37,576.00 | 6,08,957.43 | | |
| | **17,50,444.50** | | **17,50,444.50** |

## અનિવાર્ય જરૂરિયાત : વાલમ – ડેટા બેન્ક

યુવક મંડળ દ્વારા જ્ઞાતિ ઉત્કર્ષના વિવિધ કાર્યક્રમોનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે જ. બદલાતા સમયની સાથે સાથે પરિવર્તનશીલ જમાનાને અનુરૂપ – સમય – સમાજની જરૂરિયાત પ્રમાણે કાર્યક્રમોનું આયોજન કરવું તે જ્ઞાતિ એકતા અને વિકાસ માટે અનિવાર્ય છે. કોઈપણ નવી પ્રણાલિકાની શરૂઆત કઠીન હોય છે. પરંતુ આ પ્રક્રિયા સતત ચાલુ રખાય તો ચોક્કસ વધુ સફળતા મળે જ. આપણા ચરોતર વિભાગના જ્ઞાતિજનોની અપુરતી માહિતી તથા ચોક્કસ આંકડાકીય માહિતી (વ્યક્તિગત) ના અભાવે લાંબા ગાળાના આયોજનમાં તથા અન્ય સંગઠનાત્મક કાર્યક્રમોના અમલીકરણમાં મુશ્કેલી અનુભવાય છે. તેથી ચરોતર વિભાગની સંપૂર્ણ માહિતીનું યોગ્ય સંકલન કરી માત્ર વસ્તીપત્રક જ નહી પણ ***સંપૂર્ણ વિવિધ માહિતીસભર કોમ્પ્યુટરરાઈઝ વાલમ ડેટા-બેન્કની*** કાયમી ધોરણે આયોજન કરવું છે. આ કામમાં મદદરૂપ થઈ શકે તેવા ઉત્સાહી કાર્યકરો (તમારા સમયે અને ઘરે બેઠા કામ કરવાનું છે) ની જરૂર છે. સંપર્ક કરશો.

– સંદીપ જોષી

સેલ્ફી નહી પણ ક્યારેક કોઈકનું દુ:ખ ખેંચી શકો તો... કોશિશ કરજો... દુનિયા તો શું ખુદ ભગવાન એ ફોટો લાઈક કરશે.

# તેજસ્વી તારલાઓને અભિનંદન



કુણાલ હરેન્દ્રભાઈ ભટ્ટ
અમદાવાદ (વસો)
MCA - 1st Class



યજ્ઞેશ સુરેશભાઈ મહેતા
કરમસદ (લીંબાસી)
B.E. Mecl. 9.53 SPI



મૌલીન નિલેશચંદ્ર શુક્લ
નડિયાદ
B.E.Comp. 9.31 SPI



નિયતિ હેમંતભાઈ પુરોહિત
વડોદરા
B.E.Electr.7.39 CGPA



પાર્થ સતીષભાઈ વ્યાસ
વસો
B.E. Computer 8.2 SPI



મીનલ સંદીપકુમાર જોષી
નડિયાદ (દેવા)
B.Sc.(Bioted) 8.33 CGPA



શ્રેયા ભાવેશભાઈ પુરોહિત
વસો
B.A. 72%



નિરાલી ભાવિનભાઈ ભટ્ટ
વસો
BSW 71%



વિનિશા વીમલકુમાર શુક્લ
વિજયવાડા
HSC (Sci) 94.5%

ફેમસ થવા માટે કર્મની જરૂર પડે, ફેસબુક અને વોટ્સએપની નહી.



## પુનિત સ્મારક નિધીમાં અનુદાન એટલે 'પુનિત તર્પણ'

## સંતશ્રી પુનિત મહારાજ એટલે વાલમ બ્રાહ્મણોની ઓળખ

મહામંડળના ભૂતપૂર્વ પ્રમુખ આદરણીય ડૉ. અરવિંદભાઈ વ્યાસે પુનિત શતાબ્દિ વર્ષમાં શરૂ કરેલ પુનિત સ્મારક નિધી માં સમાજના દરેક કુટુંબને સામેલ કરવાના ભાગરૂપે હાલના પ્રમુખ શ્રી જશવંતભાઈ વ્યાસે અનુદાન/નિત્યદાન યોજનાની અપીલ કરતાં ચરોતર વિભાગમાંથી જોડાયેલ પુનિત પ્રેમી જ્ઞાતિજનોની યાદી :

શ્રી જશવંતભાઈ ફુલાશંકર વ્યાસ-વડોદરા
શ્રીમતી જ્યોતિબેન જશવંતભાઈ વ્યાસ-વડોદરા
શ્રીમતી સોનલબેન શિશિરભાઈ પુરોહિત-U.S.A.
શ્રી શિશિરભાઈ રજનીકાન્ત પુરોહિત-USA
શ્રી પાર્થ શિશિરભાઈ પુરોહિત-U.S.A.
શ્રી યશ શિશિરભાઈ પુરોહિત-U.S.A.
શ્રીમતી જીજ્ઞાબેન જૈમિનભાઈ પંડ્યા-U.S.A.
શ્રી જૈમિનભાઈ રમેશભાઈ પંડ્યા-U.S.A.
કુ. વિધી જૈમિનભાઈ પંડ્યા-U.S.A.
કુ. કુશ જૈમિનભાઈ પંડ્યા-U.S.A.
શ્રીમતી અમીબેન પ્રજ્ઞેશભાઈ ભટ્ટ-U.S.A.
શ્રી પ્રજ્ઞેશભાઈ રમેશભાઈ ભટ્ટ-U.S.A.
કુ. દિપલ પ્રજ્ઞેશભાઈ ભટ્ટ-U.S.A.
શ્રી ગીરીશભાઈ ફુલાશંકર વ્યાસ-અમદાવાદ
શ્રીમતી નિરૂપમાબેન ગિરીશભાઈ વ્યાસ-અમદાવાદ
શ્રી અતુલભાઈ સુમનભાઈ વ્યાસ-વસો
શ્રીમતી જયશ્રીબેન નર્મદાશંકર મહેતા-મહેમદાવાદ
શ્રી જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લ-નડિયાદ
શ્રીમતી પ્રતિમાબેન જયપ્રકાશ શુક્લ-નડિયાદ
શ્રી વિશાલ જયપ્રકાશ શુક્લ-નડિયાદ
શ્રીમતી પૃથા વિશાલ શુક્લ-નડિયાદ
કુ. હેમશ્રી વિશાલ શુક્લ-નડિયાદ
કુ. કેરવી વિશાલ શુક્લ-નડિયાદ
શ્રી ધર્મિષ્ઠાબેન રોહિતભાઈ શુક્લ-હાલોલ
શ્રી કેયુર રોહિતભાઈ શુક્લ-હાલોલ
શ્રીમતી કામીની કેયુરભાઈ શુક્લ-હાલોલ
કુ. સુહાની કેયુરભાઈ શુક્લ-હાલોલ
કુ. હરિની કેયુરભાઈ શુક્લ-હાલોલ
શ્રી મધુબેન જયદેવભાઈ પુરોહિત-વડોદરા
શ્રી અનિલભાઈ જયદેવભાઈ પુરોહિત
શ્રીમતી દિપ્તીબેન અનીલભાઈ પુરોહિત
શ્રી રાજીવ અનીલભાઈ પુરોહિત
શ્રી અનીશ અનીલભાઈ પુરોહિત
શ્રી ભાવનાબેન કૌશિકભાઈ પંડ્યા-વડોદરા
શ્રી દેવાંગ કૌશિકભાઈ પંડ્યા-વડોદરા
શ્રી કપિલાબેન જયંતિલાલ શુક્લ-નડિયાદ
શ્રી નિલેશચંદ્ર જયંતિલાલ શુક્લ-નડિયાદ
શ્રીમતી ભાવનાબેન નિલેશચંદ્ર શુક્લ-નડિયાદ
શ્રી મૌલિન નિલેશચંદ્ર શુક્લ-નડિયાદ
કુ. કૃપા નિલેશચંદ્ર શુક્લ-નડિયાદ
શ્રીમતી નિધી પ્રતિક પુરોહિત-વડોદરા
શ્રી ઈન્દીરાબેન જગદીશભાઈ ઉપાધ્યાય-વસો
શ્રી કિર્તીભાઈ અંબાલાલ ઉપાધ્યાય-નડિયાદ
શ્રીમતી સુકન્યાબેન કિર્તીભાઈ ઉપાધ્યાય-નડિયાદ
શ્રી તૃષિતભાઈ કિર્તીભાઈ ઉપાધ્યાય-નડિયાદ
શ્રીમતી પૃથાબેન ભાર્ગવભાઈ શુક્લ-U.S.A.
શ્રીમતી વિભૂતિબેન હિમાંશુભાઈ શુક્લ-U.S.A.
શ્રી રાજેશભાઈ ગૌરીશંકર વ્યાસ-નડિયાદ
શ્રીમતી છાયાબેન રાજેશભાઈ વ્યાસ-નડિયાદ
શ્રી પરિક્ષીત રાજેશભાઈ વ્યાસ-કેનેડા
શ્રીમતી પૂજા પરિક્ષીતભાઈ વ્યાસ-કેનેડા
શ્રી સતીષભાઈ ગૌરીશંકર વ્યાસ-વસો
શ્રીમતી રેખાબેન સતીષભાઈ વ્યાસ-વસો
શ્રી નિસર્ગ સતીષભાઈ વ્યાસ-વસો
શ્રી પાર્થ સતીષભાઈ વ્યાસ-વસો
શ્રી ચંદ્રમણીબેન રમેશભાઈ પંડ્યા-U.K.
શ્રી કિર્તીભાઈ રમેશભાઈ પંડ્યા-કેનેડા
શ્રીમતી મીતાબેન કિર્તીભાઈ પંડ્યા-કેનેડા
શ્રી હેમાંગ કિર્તીભાઈ પંડ્યા-કેનેડા
શ્રી હસીન કિર્તીભાઈ પંડ્યા-કેનેડા
શ્રી હરેન્દ્રભાઈ ચંદ્રકાન્ત પુરોહિત-વડોદરા
શ્રીમતી સુમનબેન હરેન્દ્રભાઈ પુરોહિત-વડોદરા
શ્રી મંજુલાબેન રજનીકાન્ત જોષી-દેવા
શ્રી તિમીરભાઈ રજનીકાંત જોષી-સચિન
શ્રીમતી સ્મિતાબેન તિમીરભાઈ જોષી-સચિન
શ્રી કૃતિ તિમીરભાઈ જોષી-સચિન
શ્રી રોશની તિમીરભાઈ જોષી-સચિન
શ્રી તપન તિમીરભાઈ જોષી-સચિન
શ્રી નૈનેષભાઈ રજનીકાંત જોષી-દેવા
શ્રી હર્ષ નૈનેષભાઈ જોષી-દેવા

મધર્સ-ડે ના સારા સારા મેસેજ વાંચ્યા પછી સાલુ એજ સમજાતુ નથી...
ઓલા વૃદ્ધાશ્રમમાં કોની માતાઓ છે ! કડવુ છે પણ સત્ય છે.

શ્રી યશ નૈનેષભાઈ જોષી-દેવા
શ્રી પૃથ્વી નૈનેષભાઈ જોષી-દેવા
શ્રી સંજીવભાઈ રજનીકાંત જોષી-વસો
શ્રીમતી જાનકીબેન સંજીવભાઈ જોષી-વસો
કુ. મહેશ્વર સંજીવભાઈ જોષી-વસો
કુ. દેવાંશી સંજીવભાઈ જોષી-વસો
શ્રી દેવેશ સંજીવભાઈ જોષી-વસો
શ્રી સંદીપભાઈ રજનીકાંત જોષી-નડિયાદ
શ્રીમતી સંધ્યાબેન સંદીપભાઈ જોષી-નડિયાદ
કુ. મીનલ સંદીપભાઈ જોષી-નડિયાદ
શ્રી ધ્રુવિલ સંદીપભાઈ જોષી-નડિયાદ
શ્રી વિપુલભાઈ રઘુનાથ વ્યાસ-સોજીત્રા
શ્રીમતી કામિની વિપુલભાઈ વ્યાસ-સોજીત્રા
શ્રી રાકેશભાઈ હરિકૃષ્ણ પુરોહિત-કરમસદ
શ્રી ભાસ્કરભાઈ જયંતિલાલ પુરોહિત-મુંબઈ
શ્રીમતી કોકીલાબેન ભાસ્કરભાઈ પુરોહિત-મુંબઈ
શ્રી અક્ષયભાઈ ભાસ્કરભાઈ પુરોહિત-મુંબઈ
શ્રીમતી અંજનાબેન અક્ષયભાઈ પુરોહિત-મુંબઈ
શ્રી સંજયભાઈ ભાસ્કરભાઈ પુરોહિત-મુંબઈ
શ્રીમતી રચનાબેન સંજયભાઈ પુરોહિત-મુંબઈ
શ્રી નિલયભાઈ ભાસ્કરભાઈ પુરોહિત-મુંબઈ
શ્રીમતી અમીબેન નિલયભાઈ પુરોહિત-મુંબઈ
શ્રી દિનેશભાઈ નટવરલાલ ઉપાધ્યાય-ઉત્તરસંડા
શ્રીમતી ગીતાબેન દિનેશભાઈ ઉપાધ્યાય-ઉત્તરસંડા
શ્રી જીગ્નેશ દિનેશભાઈ ઉપાધ્યાય-ઓસ્ટ્રેલિયા
શ્રીમતી ક્રિષ્ણાબેન જીગ્નેશભાઈ ઉપાધ્યાય-ઓસ્ટ્રેલિયા
શ્રી શિવ જીગ્નેશભાઈ ઉપાધ્યાય-ઓસ્ટ્રેલિયા
શ્રી હરિ જીગ્નેશભાઈ ઉપાધ્યાય-ઓસ્ટ્રેલિયા
શ્રી દિલીપભાઈ કિરપાશંકર જોષી-નડિયાદ
શ્રીમતી મંદાબેન દિલીપભાઈ જોષી-નડિયાદ
શ્રી ચિરાગ દિલીપભાઈ જોષી-નડિયાદ
શ્રીમતી ધ્વનીબેન ચિરાગભાઈ જોષી-નડિયાદ
શ્રી વિશાલભાઈ દિલીપભાઈ જોષી-નડિયાદ
શ્રીમતી ચેતનાબેન વિશાલભાઈ જોષી-નડિયાદ
શ્રી કનકભાઈ ડાહ્યાભાઈ વ્યાસ-U.K.
શ્રી પ્રેમીલાબેન કનકભાઈ વ્યાસ-U.K.
શ્રીમતી દર્શનાબેન મનોજભાઈ પંડ્યા-U.K.
શ્રીમતી હીનાબેન મનીષકુમાર આચાર્ય-U.K.
શ્રી પિયુષ કનકભાઈ વ્યાસ-U.K.
શ્રી દિપકબેન દિપકકુમાર મહેતા-U.K.
શ્રી હિતેષભાઈ મહેશભાઈ પંડ્યા-U.K.
શ્રીમતી અંજુબેન સંજયભાઈ વ્યાસU.K.
શ્રીમતી સાદ્રા પિયુષભાઈ વ્યાસ-U.K.
શ્રીમતી બિંદીયાબેન હિતેશભાઈ પંડ્યા-U.K.
શ્રી પુષ્પાબેન રમણભાઈ શુક્લ-વસો
શ્રી કિરણભાઈ અંબાલાલ જોષી-વડોદરા
શ્રીમતી તરલીકાબેન કિરણભાઈ જોષી-વડોદરા
શ્રી દેવેન્દ્રભાઈ અંબાલાલ પુરાણી-વડોદરા
શ્રીમતી પ્રગતિબેન દેવેન્દ્રભાઈ પુરાણી-વડોદરા
શ્રી સંજયભાઈ પુરુષોત્તમભાઈ ભટ્ટ-વડોદરા
શ્રીમતી વિપ્રાબેન સંજયભાઈ ભટ્ટ-વડોદરા
શ્રી ધ્રુવ સંજયભાઈ ભટ્ટ-વડોદરા
કુ. હિના સંજયભાઈ ભટ્ટ-વડોદરા
શ્રી કલ્પેશભાઈ સંજયભાઈ ભટ્ટ-વડોદરા
શ્રીમતી જયમીનીબેન કલ્પેશભાઈ ભટ્ટ-વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન જનકભાઈ ગોર-ઉત્તરસંડા
શ્રીમતી જયંતબાળા ગીરીશભાઈ પંડ્યા-સોજીત્રા
શ્રી હરેન્દ્રભાઈ વિનાયકભાઈ ભટ્ટ-અમદાવાદ
શ્રી દિલાબેન હરેન્દ્રભાઈ ભટ્ટ-અમદાવાદ
શ્રી કૃણાલ હરેન્દ્રભાઈ ભટ્ટ-અમદાવાદ
શ્રી આદ્યા હરેન્દ્રભાઈ ભટ્ટ-અમદાવાદ
શ્રીમતી મંદાબેન યદુકાન્ત શુક્લ-વસો
શ્રીમતી જયંતબાળાબેન ગીરીશભાઈ પંડ્યા-સોજીત્રા

☞ શ્રી જનકભાઈ અંબાલાલ જોષી તથા શ્રી કિરણભાઈ અંબાલાલ જોષી તરફથી રૂા. ૧૦,૦૦૦/- નું અનુદાન મળેલ છે.

☞ આદરણીય શ્રી અરવિંદભાઈ વ્યાસ મારફતે કુમારી નિરાલી વ્યાસ, કુમારી હિમાલી વ્યાસ, શ્રીમતી પ્રિતીબેન જીગરભાઈ વ્યાસ, શ્રી રાજેશભાઈ ભાઈલાલભાઈ ગોર, શ્રીમતી દર્શનાબેન રાજેશભાઈ ગોર, શ્રીમતી વંદનાબેન કંદર્પભાઈ વ્યાસ. (દરેકના ૫૧ ડોલર × ૭) અનુદાન પ્રાપ્ત થયેલ છે.

**નોંધ :** નિત્યદાનમાં જોડાવા ઈચ્છતા/અનુદાન નોંધાવવા જ્ઞાતિજનો સંપર્ક કરશો તો આપની રૂબરૂ મુલાકાત લેતા આનંદ થશે. (મો. ૮૧૨૮૫૩૩૯૫૪)

**- લિ. જશવંતભાઈ વ્યાસ**

# શ્રધ્ધાંજલિ

## સ્વ. કોકિલાબેન ભાસ્કરભાઈ પુરોહિત
## મુંબઈ (કરમસદ)



**અવસાન : ૯/૯/૨૦૧૭**

અમે સર્વે કુટુંબીજનો પરમ કૃપાળુ પરમાત્માને આપના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ અશ્રુભીની હૃદયાંજલિ અર્પણ કરીએ છીએ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

લિ.
ભાસ્કરભાઈ જયંતિલાલ પુરોહિત
અ.સૌ. અંજનાબેન – અક્ષયભાઈ
અ.સૌ. અમીબેન – નિલયભાઈ
અ.સૌ. રચનાબેન – સંજયભાઈ
અ.સૌ. અદિતિ – ચિંતન
ચિ. ધ્વનિ, લોકેશ, પ્રાચી, જાનવી.

---

સ્વ. કોકિલાબેનના અવસાન પ્રસંગે સંવેદના પાઠવી અમારા દુઃખમાં સહભાગી થનાર સર્વે સ્વજનોનું ઋણ સ્વીકારી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

લિ. ભાસ્કરભાઈ જે. પુરોહિત પરિવાર

# સર્વે વાલમ બ્રાહ્મણ જ્ઞાતિજનોને

તમારા ચિંધેલા મારગે ચાલીએ છીએ,
તમારા વિચારો-લાગણીને માન આપીએ છીએ.
કંઈક ખોટ હોય તો કાન આમળજો, (આંગળી ચિંધશો)
કંઈક ખોટું હોય તો અમારું ધ્યાન દોરજો.
તમારી સક્રિયતા સમાજને તંદુરસ્ત કરશે,
ભાવિ પેઢી તમને કાયમ યાદ કરશે.
તમારા સુચનોને આવકારીએ છીએ.

**નવા વર્ષે આપને અભિનંદન પાઠવીએ છીએ.**

**ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ**

**વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા મંડળ** **ચરોતર વાલમ બ્રાહ્મણ વિદ્યોત્તેજક મંડળ**


માલિક : ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ
સંપાદક : શ્રી સંદીપકુમાર રજનીકાન્ત જોષી, એ-૨૯, ત્રિશૂલ કો-ઓ. હો. સોસાયટી, રામદેવપીર મંદિર સામે, પીજ રોડ, નડીઆદ. મો.૯૪૨૮૪૮૬૭૫૨ (Whattsapp)
પ્રમુખ : શ્રી રાકેશકુમાર હરિકૃષ્ણભાઈ પુરોહિત, ૮૯ તુલસી-માધવ, સરદારનગર કો. ઓ. સોસાયટી, મુ.પો. કરમસદ-૩૮૮૩૨૫, જી. આણંદ, મો. ૯૪૨૬૦ ૪૨૧૧૦
મંત્રી : શ્રી ચિરાગકુમાર દિલીપભાઈ જોષી - ૫, ઉમિયાપાર્ક, રામ તલાવડી પાસે, મિશન રોડ, નડિયાદ. મો. ૯૮૭૯૨૦૪૦૮૪


**Book-Post**

*For Private Circulation Only*

To,

______________________

______________________

______________________

______________________


**Editor : Charotar Valam Sandesh**
C/o. Sandeep Rajanikant Joshi
A-29, Trishul Society, Opp. Ramdevpeer Mandir,
Pij Road, At. Po. NADIAD - 387 001, Dist. Kheda
***E-mail : sandeepjoshi67@hotmail.com***